
# 4


# મધ્યયુગીન સ્થાપત્યો, શહેરો, વેપારી અને કારીગરો



મોઢેરાનું સૂર્યમંદિર


કોણાર્કનું સૂર્યમંદિર



લાલકિલ્લો



આગ્રાનો કિલ્લો



રુદ્રમહાલય


રાણીની વાવ


સોમનાથ મંદિર


વડનગરનું કીર્તિતોરણ


પાળિયા


સીદી સૈયદની જાળી


ગરબા

NCERT આધારિત નવો
અભ્યાસક્રમ મૂજબ
સામાજિક વિજ્ઞાન
ધોરણ : 7
સત્ર 1

- સ્થાપત્યો, શિલ્પકલા, ચિત્રકલા
- ભારત અને ગુજરાતનાં સ્થાપત્યો
- સંગીત
- સાહિત્ય
- લોકનૃત્ય અને હસ્તકલા
- શહેરીકરણ

1. 'મધ્યયુગીન' સ્થાપત્યો વિશે જણાવો.

- 'ભારત કળા અને સ્થાપત્યના સમુદ્ધ સાંસ્કૃતિક વારસાને લીધે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે.
- પ્રાચીન સમયથી શરૂ કરી વિવિધ સમયગાળાઓ દરમિયાન વિવિધ પ્રાંતોમાં સ્થાપત્યો થતા હતા.
- મૌર્યયુગ દરમિયાન સ્તૂપો, સ્તંભલેખો તથા અનુમૌર્યયુગ દરમિયાન ગાંધાર તથા મથુરાશૈલીમાં સ્તૂપોનું નિર્માણ થયું હતું.
- ગુપ્ત સમય દરમિયાન રાજમહેલ, સ્તૂપો, સ્તંભો, વિહારો, ભવનો તથા મંદિરોનું નિર્માણ થયું હતું.
- મધ્યયુગ દરમિયાન પાલ, પ્રતિહાર, રાષ્ટ્રકૂટો, રાજપૂત, દિલ્લી સલ્તનત તથા મુઘલ સામ્રાજ્ય દ્વારા વિવિધ સ્થળોએ બંધાયેલ સ્થાપત્યોમાં વાવ, તળાવ, મંદિર અને મસ્જિદો વગેરે મોટા પ્રમાણમાં નિર્માણ થયા હતા.

2. શિલ્પકલા એટલે શું ?

- શિલ્પકલા એટલે શિલ્પીના મનમાં જાગતા ભાવોને છીણી અને હથોડી વડે પાષાણ (પથ્થર), લાકડા,ધાતુ પર કંડારિત કરવાની કલા.

3. સ્થાપત્ય એટલે શું ?

- સ્થાપત્ય માટે ' શિલ્પશાસ્ત્ર ' શબ્દ પણ વપરાય છે.
- સ્થાપત્યનો સરળ અર્થ બાંધકામ એવો થાય છે.
- મકાનો, નગરો, કૂવાઓ, કિલ્લાઓ, મિનારાઓ, મસ્જિદ, મકબરાઓ, વાવ વગેરેના બાંધકામને સ્થાપત્ય કહે છે.
- સ્થાપત્યકલામાં નિપુણ વ્યક્તિને સ્થપતિ કહેવાય છે.

4. કોણાર્કના સૂર્યમંદિર વિશે નોંધ લખો.

- કોણાર્કનું સૂર્યમંદિર ઓડિશા રાજ્યમાં જગન્નાથપુરી જિલ્લામાં બંગાળાના અખાતના દરિયાકિનારે આવેલું છે.
- 13મી સદીમાં ગંગ વંશના રાજા નરસિંહવર્મન પ્રથમના સમયમાં આ મંદિરનું નિર્માણ થયું હતું.
- તે કાળા પથ્થરનું બનાવેલું હોવાથી 'કાળા પેગોડા'ના નામે ઓળખાય છે.
- સમગ્ર મંદિરને સાત અશ્વોથી ખેંચતા સૂર્યના રથનું સ્વરૂપ આપવામાં આવ્યું છે.
- આ રથને સૌંદર્ય બક્ષતાં 12 મોટાં પૈડાં છે. તે વર્ષના બાર મહિનાનાં પ્રતીકો છે. દરેક પૈડાને આઠ આરા છે. તે દિવસના આઠ પ્રહર દર્શાવે છે.
- રૂપાંકનોની વિગત અને વિષયની વિવિધતાની દૃષ્ટિએ કોણાર્કનું સૂર્યમંદિર અજોડ અને અનુપમ છે.
- મંદિરમાં દિવ્ય, સાંસારિક અને સજાવટી એમ ત્રણેય પ્રકારનાં શિલ્પો છે. એ શિલ્પોમાં 13મી સદીની ઓડિશાની સંસ્કૃતિ અને સભ્યતાનાં દર્શન થાય છે.
- શિલ્પકલાની દૃષ્ટિએ વિશિષ્ટ સ્થાન ધરાવતું કોણાર્કનું સૂર્યમંદિર પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.



**5. ઉત્તર અને દક્ષિણ ભારતમાં મંદિરોની લાક્ષણિકતા તથા વિશેષતા જણાવો.**

- ઉત્તર ભારતમાં મંદિરોની લાક્ષણિકતા એના ગોળ શિખરો અને સ્તંભો વિનાના ખંડો છે.
- દક્ષિણ ભારતમાં શંકુ આકારના અણીદાર શિખરોવાળા મંદિરો બંધાયા.
- દક્ષિણ ભારતમાં ગોપુરમ (મંદિરોનું પ્રવેશદ્વાર) મંદિરોની વિશેષતા છે.
- મંદિરોમાં ગર્ભગૃહ, અંતરાલ, મંડપ, શૃંગાર – ચોકી કે મુખમંડપ હોય છે, મંદિરને પ્રદક્ષિણાપથ હોય છે.
- આ સમયગાળામાં કેટલાંક મહત્વપૂર્ણ મંદિરોમાં પલ્લવકાલીન રથમંદિરો અને તાંજોરના રાજરાજેશ્વર મંદિરનો સમાવેશ થાય છે.
- તાંજોરનું રાજરાજેશ્વર મંદિર તે સમયનું સૌથી ઊંચુ મંદિર ગણાતું હતું.




**6. મુઘલ સમયના સ્થાપત્યો અને તે કોણે બંધાવ્યા તેની ટૂંકમાં માહિતી આપો.**

- મુઘલ સ્થાપત્યકલા એકદમ વિશિષ્ટ હતી. મુઘલ  સ્થાપત્યલકલાનો વિશેષ નમૂનો હુમાયુનો મકબરામાં જોવા મળે છે. મુઘલ શાપત્યોમાં નીચેના સ્થાપત્યોનો સમાવેશ થાય છે.
- અકબરે આગ્રાનો કિલ્લો અને ફતેહપુર સિક્રીનો કિલ્લો બંધાવ્યો હતો. શેરશાહનો સસારામનો મકબરો બંધાવ્યો હતો.
- મુઘળોએ બાગ-બગીચાની એક આખી પરંપરા શરૂ કરી હતી. જેમાં કશ્મીરનો નિશાતબાગ, લાહોરનો શાલીમાર બાગ અને આગ્રાના આરામબાગનો સમાવેશ થાય છે.
- મુઘલનું સર્વોચ્ચ શિખર શાહજહાએ બંધાવેલ આગ્રાનો તાજમહેલ અને લાલ કિલ્લો છે.


**7. આગ્રાના તાજમહેલ વિશે ટૂંકમાં જણાવો.**

- મુઘલ સ્થાપત્યકાળનું સર્વોચ્ચ શિખર શાહજહાએ બંધાવેલ આગ્રાનો તાજમહેલમાં જોવા મળે છે
- આ તાજમહેલનું નિર્માણ મુઘલ બાદશાહ શાહજહાંએ પોતાની બેગમ મુમતાજ મહલની યાદમાં ઉત્તરપ્રદેશના આગ્રા શહેરમાં નિર્માણ કરાવ્યુ હતું.
- તાજમહલ ઉત્તર – દક્ષિણ દિશા તરફ લંબચોરસ છે. અને સંગેમરમરના ચબૂતરા ઉપર થયેલું છે.
- આ તાજમહાલ વિશ્વની સાત અજાયબીઓમાં સ્થાન ધરાવે છે.
- તાજમહલ ભારતના સ્થાપત્યકલાના વારસાને ગૌરવાન્વિત કરે છે અને દેશ – વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે .




**8. દિલ્લીના લાલ કિલ્લા વિશે નોંધ લખો.**

- મુઘલ બાદશાહ શાહજહાંએ ઈ.સ. 1638માં દિલ્લીમાં લાલ કિલ્લો બંધાવ્યો હતો.
- મુઘલ શૈલીમાં બનેલા આ કિલ્લામાં લાલ પથ્થરનો ઉપયોગ થયેલો છે.
- તેમાં સુરક્ષાની અદ્યતન પદ્ધતિઓનો પૂરતો બંદોબસ્ત કરવામાં આવ્યો છે.
- લાલ કિલ્લાને કમાન આકારનાં બે પ્રવેશદ્વારો અને આરસના ઘુમ્મટો છે.
- શાહજહાંએ આ કિલ્લાની અંદર પોતાના નામ પરથી ‘શાહજહાંનાબાદ’ નામનું નગર વસાવ્યું હતું.



- તેમાં દીવાન-એ-આમ, દીવાન-એ-ખાસ, રંગમહેલ, મુમતાજનો શીશમહેલ, ઔરંગઝેબે બંધાવેલી મોતી મસ્જિદ, લાહોરી દરવાજા, મીનાબજાર, મુઘલ ગાર્ડન વગેરેનો સમાવેશ થાય છે.
- દીવાન-એ-ખાસની ઇમારતને સોના-ચાંદી અને કીમતી પથ્થરોથી સજાવવામાં આવી છે.
- અહીં રંગમહેલ અને શાહી સ્નાનાગાર છે.
- શાહજહાંએ દીવાન-એ-ખાસમાં બેસવા માટે સોનાનું કલાત્મક 'મયૂરાસન' બનાવડાવ્યું હતું.
- ઈરાનના નાદિરશાહે દિલ્લી પર ચઢાઈ કરી ત્યારે પાછા ફરતી વખતે તે મયૂરાસનને પોતાની સાથે ઈરાન લઈ ગયો હતો.
- દિલ્લીનો લાલ કિલ્લો મુઘલ સ્થાપત્યકલાની અદ્ભુત અને ઉત્કૃષ્ટ ઇમારત છે.
- દર વર્ષે 15 ઑગસ્ટના રાષ્ટ્રીય તહેવારના દિવસે ભારત સરકાર તરફથી લાલ કિલ્લા પરથી ધ્વજવંદન કરવામાં આવે છે.


દીવાન-એ-ખાસ


દીવાન-એ-આમ

## 9. ગુજરાતના સ્થાપત્યો વિશે જણાવો

- ગુજરાતના સોલંકી શાસનકાળ અને સલ્તનતયુગ દરમિયાન અત્યંત ઉચ્ચ કોટિનું સ્થાપત્ય નિર્માણ પામ્યું હતું.


### સોમનાથ મંદિર



- ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ પાસે આવેલા પ્રભાતપાટણમાં સોમનાથ મંદિર આવેલ છે.
- 11 મી સદીમાં આ મંદિરનો જીર્ણોદ્ધાર ભીમદેવે કરાવ્યો હતો.
- આ સોમનાથ શૈવપંથનું એક અત્યંત પુરાતન , સમુદ્ધ અને મહત્વનું કેન્દ્ર હતું.
- ઇ.સ.1951 માં સરદાર વલ્લભભાઈ પટેલે આ નવા મંદિરનું નિર્માણ કર્યું હતું.
- સોમનાથ એ ભારતમાં અત્યંત પવિત્ર એવા 12 જ્યોતિર્લિંગોમાનું એક છે.

### ઉપરકોટનો કિલ્લો

- જુનાગઢ શહેરમાં ઉપરકોટનો કિલ્લો આવેલો છે.
- ઉપરકોટનું મૂળનામ ગિરિદુર્ગ હતું.
- રા'ખેંગારે એમાં અડી-કડી અને નવઘણ કૂવો બંધાવી પાણીની સુવિધા પૂરી પાડી હતી.
- એક ઉક્તિ કહેવાય છે કે, 'અડી-કડી વાવ અને નવઘન કૂવો જેણે ન જોયો તે જીવતો મુઓ '







10. મોઢેરાના સૂર્યમંદિર વિશે નોંધ લખો.

- મોઢેરાનું સૂર્યમંદિર ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં મોઢેરા ખાતે આવેલું છે.
- તે ઈ.સ. 1026માં ભીમદેવ સોલંકી પ્રથમના શાસનકાળ દરમિયાન બાંધવામાં આવ્યું હતું.
- આ મંદિરનું પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં છે. તેથી વહેલી સવારે સૂર્ય ઊગે ત્યારે તેનાં કિરણો સીધાં ગર્ભગૃહમાં પ્રવેશીને સૂર્યપ્રતિમાના મુગટની મધ્યમાં રહેલા મણિ પર પડતાં સમગ્ર મંદિર પ્રકાશપુંજથી ઝળહળી ઊઠતું હશે. પરિણામે સમગ્ર વાતાવરણમાં દિવ્યતા પ્રગટતી હશે.
- આ મંદિરના ગર્ભગૃહની બહાર સૂર્યની 12 વિવિધ મૂર્તિઓ અંકિત થયેલી આજે પણ જોઈ શકાય છે.
- આ મંદિરનું નકશીકામ ઈરાની શૈલીમાં થયેલું છે.
- સૂર્યમંદિરની બહાર વિશાળ જળકુંડ છે. આ કુંડની ચારે દિશાએ નાનાં-નાનાં કુલ 108 મંદિરો (દેરીઓ) આવેલાં છે. તેમાં સવાર-સાંજ પ્રગટાવવામાં આવતી દીપમાલાને લીધે નયનરમ્ય દૃશ્ય સર્જાય છે.



11. રાણીની વાવ વિશે નોંધ લખો.



- ભીમદેવ પહેલાના રાણી ઉદયમતિ દ્વારા સ્થાપિત રાણીની વાવ વિશ્વપ્રસિદ્ધ વાવનો નમૂનો છે.
- શિલ્પા-સ્થાપત્યના અજોડ નમૂના સમાન તથા અજાયબી સમાન સાત માળની રાણીની વાવ ગુજરાતના પ્રાચીન પાટનગર પાટણમાં આવેલી
- રાજા ભીમદેવના મૃત્યુબાદ તેની યાદમાં રાણી ઉદયમતિએ બંધાવી હતી.
- આ વાવને વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો આપ્યો છે. આપની 100 રુપિયાની ચલણી નોટમા આ વાવનુ ચિત્ર આપેલ છે.

ટૂંકનોંધ લખો : રુદ્રામહાલય




- સિદ્ધરાજ જયસિંહ દ્વારા સ્થાપિત સિદ્ધપુરનો રૂદ્રમહાલય ગુજરાતનું વિશિષ્ટ સ્થાપત્ય ગણાય છે.
- શૈવપંથી હોવાથી સિદ્ધરાજ જયસિંહે પોતાના આ મહાલયનું નામ રુદ્ર સાથે સાંકળ્યું હતું .
- આ રુદ્રમહાલય સાત માળનો ઝરૂખા સાથે સંકળાયેલ મહેલ હશે. એવું ઈતિહાસકારોના માટે છે.
- અત્યારે એક માળનો રુદ્રમહાલય હયાત છે .તેમાં સ્તંભો અને તોરણોના સ્થાપત્યનો સમાવેશ થાય છે.

## અમદાવાદ

- ગુજરાતમાં સલ્તનતકાળ દરમિયાન અમદાવાદમાં રાજધાનીનું સ્થળાંતર થતાં અમદાવાદમાં વિશિષ્ટ સ્થાપત્યોમાં અમદાવાદ શહેરની સ્થાપના અહમદશાહ દ્વારા ઇ.સ.1411 માં કરી હતી.





અમદાવાદના સુલતાન કુતુબશાહે 'હોજે-કુતુબ' નામનું એક સરોવર નિર્મિત કરાવ્યું હતું. જે પછીથી 'કાંકરિયા તળાવ' તરીકે જાણીતું બન્યું. સરોવરના વચ્ચેના ભાગમાં એક બગીચો પણ તૈયાર કરાવ્યો હતો જેને 'નગીનાવાડી' તરીકે ઓળખવામાં આવે છે.

- અમદાવાદ ગુજરાતનું ઐતિહાસિક શહેર છે. તે ગુજરાતનું પાટનગર હતું.
- અમદાવાદમાં ભદ્રનો કિલ્લો, જામા મસ્જિદ, રાણી સિપ્રીની મસ્જિદ, રાણી રૂપમતિની મસ્જિદ, સરખેજનો રોજો, કાંકરિયું તળાવ, ઝૂલતા મિનારા, હઠીસિંગના દેરાં, સીદી સૈયદની જાળી વગેરે જોવાલાયક સ્થાપત્યો છે.
- ઝૂલતા મિનારા સારંગપુર દરવાજા બહાર રાજપુર-ગોમતીપુરમાં આવેલાં છે. તે તેની ધ્રુજારીના વણઉકલ્યા રહસ્ય માટે જાણીતા છે.
- સીદી સૈયદની જાળી તેની અત્યંત બારીક અને સુંદર વાનસ્પતિક ભૌમિતિક કોતરણીને કારણે પ્રખ્યાત છે.



## પાલિતાણા

- પાદલિપ્તસૂરિ નામના જૈન મુનિએ પાલિતાણાના શત્રુંજય ડુંગર પર જૈનમંદિર નિર્મિત કરાવ્યા.
- દુનિયામાં એક જ જગ્યાએ પહાડ પર સૌથી વધારે મંદિરો હોય તેવા પાવાપુરી અને પાલિતાણા સ્થળો છે.
- ચોવીસે તીર્થંકર અહી બિરાજમાન છે
- પાવાપુરી અને સમેત શિખરની જેમ જ પાલિતાણા પણ જૈનનું મહાન તીર્થધામ છે.

12. ટૂંકનોંધ લખો : પાળિયા



પાળિયા

- ગુજરાતમાં એક વિશિષ્ટ સ્થાપત્ય તરીકે પાળિયાનો સમાવેશ થાય છે.
- પાળિયા સાથે કોઈ વીર ગાથાઓ જોડાયેલ હોય છે .
- મોટા ભાગે આવા યોદ્ધાઓના પાળિયા યુદ્ધસ્થળ અથવા તેમના મૃત્યુના સ્થળે બાંધવામાં આવે છે .
- આ પાળિયાની વર્ષમાં તેની તિથી પ્રમાણે પૂજા- અર્ચના કરવામાં આવતી હોય છે.
- ગુજરાતમાં પાળિયાના શ્રેષ્ઠતમ ઉદાહરણોમાં જામનગર પાસે ભૂચર મોરીના સૂરજ કુવરબાનો પાળિયો અને સોમનાથ મંદિર પાસે હમીરજી ગોહિલ પાળિયાનો સમાવેશ થાય છે .

13. ટૂંકનોંધ લખો : ચિત્રકલા

- બાબરના સમયથી ચિત્રકલાનો વિકાસ જોવા મળે છે.
- ચિત્રકલા પર "ગુલશન ચિત્રાવલિ" , "હમઝનામા" વિશિષ્ટ ગ્રંથો હતા.
- આકારિઝા નામના મહાન ચિત્રકારના નેતૃત્વમાં આગ્રામાં એક ચિત્રશાળાની સ્થાપના કરવામાં આવી હતી.
- આ સમયના ચિત્રકારોએ પશુ-પક્ષીના ચિત્રો અને પુષ્પોના ચિત્રો વિશિષ્ટ રીતે આલેખ્યાં છે.
- અકબરના સમયથી છબીચિત્રોની શરૂઆત થઈ હતી. તો જહાગીરના સમયમાં વિશિષ્ટ તહેવારો અને પ્રસંગોના ચિત્રો પણ બનાવવામાં આવતા.
- મુઘલ ચિત્રકલાની જેમ જ રાજસ્થાનમાં મેવાડ, જયપુર, મરવાડ અને કોટાની શૈલી સુવિખ્યાત હતી.
- ગુજરાતી શૈલી તળપદી, સાદી અને કથાપ્રસંગને વિશદતાથી રજૂ કરતી અને લોકજીવનનો ધબકાર ઝીલતી સજીવકલા હતી.

14. ટૂંકનોંધ લખો : સંગીતકલા




- સલ્તનતકાળમાં ભારતીય સંગીતની સાથે સાથે ઈસ્લામિક સૂફી સંગીતનો પ્રારંભ થયો.
- આ ક્ષેત્રે અમીર – ખુશરોએ કવાલીની શોધ કરી અને ધ્રુપદને બદલે ખયાલપદ્ધતિ દાખલ કરી હતી .
- દેવગીરીના સારંગદેવે " સંગીતરત્નાકર" અને ગુજરાતમાં હરિપાલ દેવે "સંગીત સુધાકર " નામનો ગ્રંથ લખ્યો હતો.
- અકબરના સમયમાં તાનસેન શાસ્ત્રીય ગાન સાથે સંકળાયેલ સૌથી મહાન કલાકાર હતો.


15. સાહિત્ય વિશે લખાયેલા ગ્રંથ અને તેના રચીયતા વિશે જણાવો.


| ગ્રંથ | રચયિતા |
|---|---|
| સિદ્ધહેમશબ્દાનુશાસન | હેમચંદ્રાચાર્ય |
| ગીતગોવિંદમ્ | જયદેવ |
| હિતોપદેશ | નારાયણ |
| સિદ્ધાંત શિરોમણિ અને લીલાવતી | ભાસ્કરાચાર્ય |
| પૃથ્વીરાજરાસો | ચંદબરદાઈ |
| તુઘલખનામા અને તારીખે દિલ્હી | અમીર ખુશરો |
| કિતાબુલ હિન્દ-રહેલા | ઈબ્નબતુતા |
| કાનડદે પ્રબંધ | પદ્મનાભ |
| પદ્માવત | મહંમદ જાયસી |


**આટલું જાણો**

| | |
|---|---|
| ભાસ્ય | રામાનુજચાર્ય |
| કાવ્યપ્રકાશ | મમ્મટ |
| મન સોલ્લાસ | સોમેશ્વર |
| હિતાબુલ હિન્દ | અલબરૂની |





16. લોકનૃત્ય અને હસ્તકલા વિશે સવિસ્તાર લખો.

- ગુજરાત તેની લોકસાંસ્કૃતિક લોકનૃત્ય તથા ભરતગૂંથણ જેવી હસ્તકલા કારીગીરી માટે સમગ્ર વિશ્વમાં જાણીતું છે.
- ભવાઇ,નાટક જેવા પ્રકારોનો સમાવેશ થાય છે. ભવાઇ લેખન અને ભજવવાનું શ્રેય અસાઇટ ઠાકરને ફાળે જાય છે.
- ઝાલાવાડ વિસ્તારમા પશુપાલકો એક વિશિષ્ટ પ્રકારનો રાસ રમે છે જેને 'હૂડો' કહેવામા આવે છે. તરણેતરણના મેળામાં હૂડો રાસને જોવા દેશ-વિદેશના લોકો ગુજરાત આવે છે .
- ગુજરાતમાં નવરાત્રી ગરબા- ઉત્સવ મહત્વના છે. ગરબી પરથી ઉતારી આવેલ ગરબો શક્તિની આરાધના અને સ્તુતી સાથે સંકળાયેલો છે.
- દયારામના સમયથી ગરબીનો ખૂબ વિકાસ થયો.
- સ્ત્રીઓ અને પુરૂષો નવરાત્રીમાં ગરબા અને ગરબી તથા રાસ દ્વારા આ ઉત્સવ ઉજવાય છે.





17. ગુજરાતનું ભરતગૂંથણ અને વણાટકામ વિશે લખો..


પાટણનું પટોળું

- ગુજરાતના પહેરવેશમાં પણ વિવિધતા જોવા મળે છે.
- કચ્છનું ભરતકામ, મોતીકામ, પાટણના પટોળાં, જામનગર અને જેતપુરની બાંધણી વિશ્વ વિખ્યાત છે.
- કચ્છના બન્ની અને ખદિર વિસ્તારમાં કચ્છી સ્ત્રીઓ દ્વારા તૈયાર થયેલ ભરતગૂંથણની વિશ્વભરમાં માંગ રહી છે.
- પાટણના પટોળા 11 મી – 12 મી સદીથી વિશિષ્ટ વણાટકામ માટે વિશ્વવિખ્યાત છે.

18. ટૂંકનોંધ લખો : શહેરીકરણ અથવા શહેરીકરણના કારણે આવેલા વેપારમાં ફેરફાર.

- ગુપ્તકાળમાં શહેરોની જગ્યાએ નવીન શહેરોનો ઉદય થયો. રાજપૂતયુગની રાજધાનીઓ મોટેભાગે શહેરોમાં બદલાઇ ગઈ.
- ગુજરાતમાં અણહિલવાડ પાટણ, ચાપાનેર, અમદાવાદ, સુરત, ખંભાત નો સવિશેષ વિકાસ થયો.
- શહેરીકરણનું શરમબિંદુ આપણને દિલ્લીમાં જોવા મળે છે.રાજપુતકાળથી મુઘલકાળ સુધી વિકસતું ગયું.
- જહાગીર અને શાહજહાના સમય દરમિયાન દિલ્લી રાજધાની અને વેપાર- વાણિજયનું મોટું મથક હતું .
- આ સમયમાં લાહોર,જોનપુર, ઢાકા વેપારીમાર્ગ પર આવતા હોવાથી તેનો શહેરો તરીકે વિકાસ થયો હતો.
- શીખધર્મને કારણે અમૃતસર અગત્યનું શહેરી કેન્દ્ર હતું.

- દક્ષિણ ભારતમાં દેવગીરી (દોલતાબાદ) ઉત્તર અને દક્ષિણને જોડતું સમુદ્ધ શહેરી કેન્દ્ર હતું.
- મરાઠા સામ્રાજ્ય પૂરણે, સતારા, ગ્વાલિયર અને વડોદરા જેવા શહેરોનો વિકાસ થયો હતો.
- યુરોપીયન કંપનીઓના આગમનને કારણે દીવ, દમણ, ગોવા, મુંબઈ, મદ્રાસ, પુડુચેરી, કોચી, ચંદ્રનગર અને સુરતનો શહેરી કેન્દ્રો તરીકે વિશિષ્ટ વિકાસ થયો હતો.

19. વેપારી કેન્દ્ર તરીકે વિજયનગર અને સુરત વિષે લખો.

## વિજયનગર

- વિજયનગરની રાજધાની હમ્પીમાં આવેલા વિદેશી મુસાફરોએ હમ્પીના વિશિષ્ટ હુન્નર ઉદ્યોગોની માહીતી આપી છે.
- વિજયનગરથી સુતરાઉ કાપડ, રેશમી કાપડ અને મસાલા સહિતની ચીજવસ્તુઓ યુરોપ સુધી જતી હતી.
- હમ્પીમાંથી ત્રણ પ્રકારના સુવર્ણ સિક્કાઓ મળી આવ્યા છે, જે દર્શાવે છે કે હમ્પી હુન્નરકલાનું અને વેપાર- વાણિજયનું મોટું કેન્દ્ર હતું.

## સુરત

- ગુજરાતના ભરૂચ અને ખંભાત બંદર પછી ખાસ કરીને સોળમી સદીમાં સુરત ભારતનું મહત્વનુ વ્યાપારિક કેન્દ્ર હતું.
- વીરજી વોરા અને ગોપી મલિક જેવા વિશ્વવિખ્યાત સોદાગરો સુરતમા રહેતા.
- સુરતમાં 17મી સદીમાં મસલીન, સુતરાઉ કાપડ અને જહાજ બનાવવાના ઉદ્યોગો વિકાસ્યા હતા. જરીભરત કાપડનો વિશ્વભરમાં સૌથી મોટો વેપાર સુરતથી થતો હતો.
- સુરત એક આંતરરાષ્ટ્રીય બંદર હોવાથી ભારતીય અને યુરોપીયન વેપારીઓના વેપાર સંસ્થાનો અહી જોવા મળ્યા હતા.
- સુરતામાં મરીમસાલા, સુતરાઉ અને રેશમી કાપડ તથા ગળીના મોટા ગોદામો પણ હતા.
- સુરતમાં ચાલતા ઉદ્યોગ – ધંધાને કારણે અને વિદેશી વ્યાપારને પરિણામે આનુષંગિક હુન્નર – ઉદ્યોગ જેવા કે ગોદામો, પેકિંગ , વહાણ બાંધવાના ઉદ્યોગો, નિવાસની વ્યવસ્થા, વણાટકામ, છાપકામ, ધાતુકલાનો વ્યાપક વિકાસ થયો હતો.